# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-02-2025 Day: Tuesday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-ગુજરાત મુલાકાત:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલથી ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ કેવડિયામાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરશે અને કેવડિયામાં નર્મદા આરતીમાં જોડાશે.

સુશ્રી મુર્મૂ 27 ફેબ્રુઆરીએ કેવડિયામાં એકતા કૌશલ વિકાસ કેન્દ્રની મુલાકાત લેશે. તેમ જ અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ગુરુવારે તેઓ ગાંધીનગરમાં NFSUના ત્રીજા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. એ જ દિવસે 28મી એ તેઓ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારકની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ સફેદ રણની ટેન્ટ સિટીમાં રાત્રિ રોકાણ કરશે. જ્યારે એક માર્ચે રાષ્ટ્રપતિ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે. તેઓ સફેદ રણથી ધોળાવીરા જતા 'રોડ ટુ હેવન' તરીકે જાણીતા માર્ગને પણ નિહાળશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પ્રથમવાર કચ્છના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તેમના આગમન માટે તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી રહી છે. જિલ્લા કલેક્ટર અમિત અરોરાના માર્ગદર્શનમાં પ્રવાસની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ધોળાવીરા ખાતે પણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે, ભુજના સર્કિટ હાઉસમાં કલરકામ, મરામત, સાફ-સફાઈ, નવા છોડનું વાવેતર અને એસી રિપેરિંગનું કામ ચાલી રહ્યું છે.

---

## વિધાનસભા ગૃહ પ્રશ્નોતરી-જીલ્લામાં સહાય:

વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને કૃષિ સાધનોની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં કચ્છ જિલ્લાના 17 હજાર 932 ખેડૂતોને સાધન સહાય આપવાની યોજના હેઠળ 37 કરોડ રૂ.ની સહાય આપવામાં આવી છે.

કૃષિ મંત્રીએ વિગતવાર માહિતી આપતા ઉમેર્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં અંજાર તાલુકામાં 1,669 અરજીઓ, અબડાસામાં 1,893, ગાંધીધામમાં 59, નખત્રાણામાં 1,668, ભચાઉમાં 2,866, ભુજમાં 2,203, ભુજ શહેરમાં 57, મુન્દ્રામાં 1,019, માંડવીમાં 1,688, રાપરમાં 4,129 અને લખપત તાલુકામાં 680 અરજીઓ મંજુર કરવામાં આવી છે.

આ રીતે કચ્છમાં છેલ્લાં બે વર્ષમાં કુલ 17,932 અરજીઓ મંજુર કરવામાં આવી છે. જેની સામે આ ખેડૂતોને કુલ 37 કરોડ 81 લાખ રૂપિયાની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચુકવવામાં આવી છે.

---

## શિણાય-રસ્તાનું રીસરફેર્સિંગ:

ગાંધીધામનાં શિણાય ખાતે 352 લાખ રૂપિયાના ખર્ચે બે રસ્તાના થનારા રીસરફેસિંગ અને મજબૂતિકરણ કામનું ગાંધીધામનાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીનાં હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

288 લાખ 95 હજારનાં ખર્ચે શિણાય – દેવળીયા રોડ અને 63 લાખ 52 હજારના ખર્ચે બાલાજી વે બ્રીજથી મોડવદર સીમાડા રોડનું રીસરફેસિંગ – મજબુતીકરણ કરવામાં આવશે.

---

## ગુજરાત સાહિત્ય અકાદમી-કચ્છી ભાષા ગૌરવ પુરસ્કાર:

ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે આયોજિત સમારંભમાં વર્ષ ૨૦૨૩ માટે કચ્છી ભાષા ગૌરવ પુરસ્કાર જાણીતા કચ્છી

સર્જક વિશ્રામ ગઢવીને અને યુવા ગૌરવ પુરસ્કાર ડો. પૂર્વી ગોસ્વામીને એનાયત કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, સાંસ્કૃતિક વિભાગના મંત્રી મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કચ્છી ભાષાના સંવર્ધનમાં શ્રેષ્ઠ યોગદાન આપવા બદલ આ બંને સાહિત્યકારોને અનુક્રમે એક લાખ અને 50 હજાર રૂપિયા તેમજ સ્મૃતિચિન્હ, શાલ અને માનપત્રથી નવાજવામાં આવ્યા હતા.

---

## આરબીઆઈ ગો ટુ સ્કુલ-નાણાકીય માર્ગદર્શન:

ભારતીય રિઝર્વ બેંક નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ-અમદાવાદ દ્વારા ગો ટુ સ્કૂલ કાર્યક્રમ અંતર્ગત ભચાઉની સરકારી પ્રાથમિક શાળા ખાતે નાણાકીય સાક્ષરતા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આરબીઆઇના એ.જી.એમ. નીતિનકુમારે બાળકોને રિઝર્વ બેંક વિશે માહિતી આપવા સાથે બચતનાં મહત્ત વ વિશે સમજાવ્યું હતું. સાથે બેંકના વ્યવહાર તેમજ વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઓનલાઇન ફ્રોડ કેવી રીતે થાય છે અને તે માટે શું તકેદારી રાખવી , તે બાબતે ઊંડાણપૂર્વક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા વિવિધ અધિકારીઓ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

---

## કાઝરી-સહાય યોજના અને થોર પ્રદર્શન:

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ-કેન્દ્રીય શુષ્ક વિસ્તાર અનુસંધાન સંસ્થાન કાઝરી કુકમા દ્વારા અનુસૂચિત જાતિ ઉપયોજના હેઠળ સહાય યોજના અને થોરના પ્રદર્શનનું અંજાર તાલુકાના સિનુગ્રા અને ચાંદ્રાણી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ભાગ લેનારા 40 લાભાર્થીઓને થોરની ખેતીના લાભ વર્ણવી તેની ખેતી કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. લાભાર્થીઓને થોર અને અજોલાના છોડ આપવામાં આવ્યા હતા.

**કાર્યક્રમમાં થોર અને અજોલાની ખેતીના મહત્ત્વની સાથોસાથ આધુનિક કૃષિમાં માટી અને પાણીના નમૂના વિશ્લેષણનું મહત્ત્વ પણ સમજાવવામાં આવ્યું હતું.**

---

## અબડાસા-કેનાલ ગાબડું:

**અબડાસા તાલુકાના ખેડૂતોની જીવાદોરી સમાન ખારી-મીઠી નદી વચ્ચેથી પસાર થતી મીઠી સિંચાઈ ડેમની કેનાલમાં ગાબડું પડતાં પુષ્કળ પ્રમાણમાં પાણી વહી નીકળ્યાં હતાં. જેનાથી બે થી ત્રણ દિવસથી ખેડૂતોને પાક માટે પાણી નહીં મળતાં પાકને નુકસાન થવા બાબતે વડસર કેરવાંઢ, કોષા, છસરા સહિતના ગામોના ખેડૂતો દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરાઈ હતી.**

**કેનાલ વારંવાર તૂટી જતી હોવાથી તાત્કાલિક ધોરણે જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.**

---

## જીલ્લામાં શિવરાત્રિની ઉજવણી:

**આવતીકાલે મહાશિવરાત્રીના પર્વની કચ્છભરમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. જિલ્લાના વિવિધ શિવાલયોમાં દિપમાળા , અભિષેક, ચાર પ્રહરની પૂજા, મહાઆરતી, હવન, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમનું આયોજન કરાયું છે. વિવિધ સંગઠનો અને ગ્રુપો દ્વારા ઠેર-ઠેર શોભાયાત્રા, બાઈક રેલી સહિતના આયોજનો કરા યાં છે.**

---